# કાબર (Common Myna)

**પંખી લોક**

**★ પ્રવીણ સરવૈયા**

**પંખીઓની તે ચોકીદાર છે, સાપ-બિલાડી જેવાં પ્રાણીઓથી ભય જણાય ત્યારે તે કોલાહલ કરી મૂકે છે, તે ખેડૂતોની રક્ષક છે, પાકને નુકસાનકારક જીવાતો તે ખાઈ જાય છે**

આપણને વળી એમ થાય કે કાબર જેવાં સાવ સામાન્ય જણાતાં પંખીમાં તે વળી શું જાણવાનું હશે ?

હા, આ પ્રશ્ન સ્વાભાવિક થાય. કેમ કે, કાબરને આપણે કલબલ કરતાં જ સાંભળી છે. પરંતુ અનેક પ્રકારના અવાજો કાઢતી કાબરને ઉનાળામાં ક્યારેક નિરાંતે સાંભળી હોય તો આપણે અચંબામાં પડી જઈએ એવા મીઠા સ્વરથી ગાતી તે સંભળાય છે.

આપણે આજે જે વાત કરવી છે એ Common Myna સામાન્ય કાબરની. બાકી કાબરની બીજી જાતો પણ આપણે ત્યાં છે.

પારેવાં અને ચકલીની જેમ કાબર વ્યાપક રીતે દેખાતું આપણાં ઘરઆંગણાંનું પંખી છે. કાબર આશરે વીસેક સેન્ટિમીટર જેટલું કદ ધરાવતું, સુઘડ અને ગૌરવશાળી પક્ષી છે. તેના રંગનું વર્ણન કરવું મુશ્કેલ છે, પણ તપખીરિયો, બજરિયો કે કથ્થાઈ રંગ કહી શકાય. તેનાં પગ, આંખો અને ચાંચ ચળકતાં, પીળા રંગનાં છે. આંખોની આસપાસ ખુલ્લી ચામડી છે. તેના માથા પરનો રંગ કાળો છે તથા ઊડે ત્યારે પાંખોમાંનો ધોળો પટ્ટો ચમકતો દેખાય છે.

કાબર ખૂબ મહેનતુ છે. સવાર હોય કે બપોર, તે રખડપટ્ટી કર્યા જ કરે છે, તે સ્વભાવે લડાયક પણ છે. બે કાબરો ઝઘડતી હોય ત્યારે તેઓ કાળો કકળાટ કરી મૂકે છે. તેને ખોરાકમાં બધું જ ચાલે. અનાજના દાણા રાંધેલો ખોરાક, બધી જ જાતની જીવાત, ઢોર પરનાં જીવડાં, અળસિયાં વગેરે તે આરોગી જાય છે. તે ઝાડની ઊધઈ કે વડ-પીપળના ટેટા પણ ખાય છે. સ્વભાવે તે મળતાવડી છે. ગામડું હોય કે શહેરની ભરચક બજાર, તેને બધી જ જગ્યાએ ફાવે છે. એક જોડી બનીને જે સ્થળને પોતાના રહેઠાણ તરીકે પસંદ કર્યું હોય, પછી બીજી કાબરોને તે જોડી ત્યાં પેસવા દેતી નથી. રહેણાક માટે આવો સાવ સ્વાર્થી સ્વભાવ હોવા છતાં ચારો ચરવા માટે તેઓ મોટી સંખ્યામાં એકઠી થાય છે.



કાબર ચાલતાં જતાં ઢોરની આસપાસ લટકતી ચાલે ચાલતી હોય છે અને ઢોરની હલચલથી ખલેલ પામીને ઊડતાં જીવડાંને પકડી લે છે.

કાબરોનું ટોળું ફળિયામાં ચારો ચરતું હોય ત્યારે તેમાં નર અચૂક ઓળખાઈ આવે છે. તે ટોળામાં છાતી કાઢી, માથું ઊંચું રાખી, રુઆબથી ચાલે છે તથા વચમાં ઊભો રહી ડોકનાં પીંછાં ફુલાવી માથું ઝુકાવતો દેખાય છે. ઉનાળામાં નર પંખી મીઠો અવાજ કાઢી ગાય છે.

જાતજાતના ને ભાતભાતના અવાજો કાઢવામાં કાબર બહુ માહેર છે. તે બીજાં પક્ષીઓની આબાદ નકલ પણ કરી જાણે છે. તે ચુક... ચુ... ટીકુ...ટીકુ... કીચર... કીચુર કવ્વક...ચી...ચી... ટી...ટા....જેવા અવાજો કરે છે. ઊઠતી, બેસતી, ખાતી, ભય પામતી વખતના તેના અવાજોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. તે ઠાવકી બનીને બીજાં પંખીઓના ચાળા પાડે છે. પંખીઓની તે ચોકીદાર છે, સાપ-બિલાડી જેવાં પ્રાણીઓથી ભય જણાય ત્યારે તે કોલાહલ કરી મૂકે છે, તે ખેડૂતોની રક્ષક છે, પાકને નુકસાનકારક જીવાતો તે ખાઈ જાય છે.

તેનો માળો સાવ લઘરવઘર હોય છે. માળો બનાવવામાં તે સાવ આળસુ છે. તેને પોતાનો જ જૂનો માળો પણ ચાલે તથા કાગડા કે સમડીના માળા પણ વાપરે. તેનો માળો સાંઠીકડાં, તણખલાં, ચીંથરાં વગેરેનો બનેલો હોય છે. મકાનનાં છાપરાં, ભીંત કે કૂવાનાં બાકોરાં અથવા ઝાડની બખોલમાં તે માળો બનાવે છે. જેઠથી શ્રાવણ માસના ગાળામાં માદા ત્રણથી છ જેટલાં આસમાની રંગનાં સુંદર ઈંડાં મૂકે છે. કાબરને હિન્દીમાં મેના કહે છે.

આપણી આ સામાન્ય કાબર (Common Myna), ઘોડા કાબર (Bank Myna) અને બ્રાહ્મણી મેના (Brahminy Starling) સમગ્ર ગુજરાતમાં વ્યાપક છે. કાબરની અન્ય જાતોમાં રાખોડી શિર મેના (Chestnut - tailed Starling) ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં દેખાય છે. તો વન કાબર (Jungle Myna) દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારમાં જોવા મળે છે. અમુક રેર કિસ્સામાં જોવા મળેલ કાબરની અન્ય જાતોમાં કાબરી મેના (Asian Pied Myna) ગુજરાતના પૂર્વ ભાગના અમુક વિસ્તારમાં અને બ્લિટ્ઝ મેના (Blyth's Starling) ગુજરાતની દક્ષણે છેવાડાના જંગલમાં રેર જોવા મળેલ છે. તો વૈયું (Rosy Starling ) સમગ્ર ગુજરાતમાં શિયાળુ મુલાકાતી તરીકે અને કાળું વૈયું (Common Starling) સમગ્ર ગુજરાતમાં અનિયતકાલીન - અસ્થાયી શિયાળુ મુલાકાતી તરીકે જોવા મળે છે.

પક્ષીઓમાં કાબર હોય કે કાગડો, પણ એ વાત સૌએ સ્વીકારવી જ રહી કે માનવસર્જિત દુનિયામાં સૌથી વધુ નૈસર્ગિક કૃતિ હોય તો એ માત્ર પક્ષીઓ જ છે.

# યુવકે કોઈ મહિલા નહીં, કૂકર સાથે કરી લીધા લગ્ન! 4 દિવસમાં જ છૂટાછેડા થઈ ગયા

દુનિયામાં લગ્નને બે લોકો વચ્ચેનો પવિત્ર સંબંધ માનવામાં આવે છે, પરંતુ ઘણીવાર સોશિયલ મીડિયા પર એવી વિચિત્ર ઘટના સામે આવે છે, જે લોકોને નવાઈમાં મૂકી દે છે. આવી જ એક ઘટના ઇન્ડોનેશિયાથી સામે આવી હતી, જ્યાં એક યુવકે કોઈ માણસ નહીં પરંતુ એક રાઇસ કૂકર (ચોખા રાંધવાના કૂકર) સાથે લગ્ન કરી લીધા છે. તેનાથી પણ ચોંકાવનારી વાત એ છે કે, તેણે લગ્નના માત્ર ચાર દિવસમાં જ પોતાની લાઇફ પાર્ટનરને છૂટાછેડા આપવાની જાહેરાત પણ કરી દીધી હતી. આ અનોખી ઘટના સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ અને દુનિયાભરમાં ચર્ચાનો વિષય બની ગઈ.

આ મામલો ઇન્ડોનેશિયાના એક યુવક ખોઇરુલ અનામ સાથે જોડાયેલો હતો. તેમણે પોતાના આ અનોખા લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તસવીરોમાં તે પરંપરાગત લગ્નના કપડાંમાં જોવા મળ્યો, જ્યારે રાઇસ કુકરને પણ દુલ્હનની જેમ સજાવવામાં આવ્યું હતું. તેણે બકાયદા લગ્ન જેવી વિધિ કરી અને લગ્ન સાથે જોડાયેલા દસ્તાવેજ પર સહી કરતી તસવીરો પણ



પોસ્ટ કરી. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી તસવીરોમાં અનામ રાઇસ કુકરને પ્રેમ કરતો અને તેની સાથે લગ્નની ઔપચારિકતાઓ પૂરી કરતા દેખાયો. આ તસવીરોએ જોતાં જ જોતાં ઇન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. લગ્નની તસવીરો શેર કરતી વખતે અનામે રમૂજી અંદાજમાં જણાવ્યું કે તેમણે રાઇસ કુકરને એટલા માટે પસંદ કર્યું કારણ કે તે આજ્ઞાકારી છે, શાંત રહે છે અને સૌથી મહત્વની વાત એ છે કે તે સારા ચોખા બનાવે છે. તેની આ વાત લોકોને ખૂબ જ રમૂજી લાગી અને જોતાં જ જોતાં હજારો લોકોએ પોસ્ટને લાઇક અને શેર કરવાનું શરૂ કરી દીધું. ઘણા લોકોએ તેને મનોરંજન તરીકે લીધું, જ્યારે કેટલાક લોકો આ અનોખી હરકતથી નવાઈમાં પડી ગયા. લગ્નના ચાર દિવસ બાદ અનામે એક અન્ય પોસ્ટ શેર કરીને લોકોને ચોંકાવી દીધા. તેણે જાહેરાત કરી કે તેઓ રાઇસ કુકરને તલાક આપી રહ્યા છે. તલાકનું કારણ જણાવતાં તેમણે મજાકમાં કહ્યું કે રાઇસ કુકર માત્ર ચોખા જ બનાવી શકે છે, બીજું કોઈ ખાવાનું નથી બનાવી શકતું. આ કારણે આ રિલેશન વધુ સમય સુધી ન ચાલી શક્યું. તેમની આ પોસ્ટ પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ અને લોકોએ તેના પર મજેદાર પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરી દીધું. ઘણા યુઝર્સે તેને ઇન્ટરનેટની સૌથી અજીબ શાદીઓમાંની એક કહી.